અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આપવામાં આવતી
પરિક્ષિતલાલ મજમુદાર પૂર્વ એસ.એસ.સી.
શિષ્યવૃત્તિના દરોમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅજાક/૧૦૨૦૧૧/ન.બા.-૪૮/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૩/૦૪/૨૦૧૨

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૪-૪-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંકઃઅજાક/૧૦૨૦૧૧/૧૧૯/ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા. ૪/૧/૨૦૧૨ નો પત્ર ક્રમાંકઃ ક્રમાંકઃઅજાક/ગ.૧/૧/ ૨૦૧૧-૧૨/૨૨

ઠ રા વઃ-

અનુસૂચિત જાતિના ધોરણ ૧ થી ૭ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ આપવા અંગેની યોજના અમલમાં છે. જે અન્વયે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણ હેઠળના ક્રમાંક (૧) પરના તા. ૪-૪-૨૦૧૧ ના ઠરાવથી અનુસૂચિત જાતિના ધો. ૧ થી ૭ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રૂ. ૧૫૦/- અને ધોરણ ૮ થી ૧૦ ના વિદ્યાર્થીઓને રૂ. ૩૦૦/- ની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે તથા વાલીની આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૨૦,૦૦૦/- તથા શહેરી વિસ્તારમાં રૂ.૨૫,૦૦૦/- છે. જેમાં વધારો કરવા અંગે વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના તા. ૪/૧/૨૦૧૨ ના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ એ કરેલ નવી બાબત અંગેની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

અનુસૂચિત જાતિના ધો. ૧ થી ૮ ના વિદ્યાર્થીઓને આપવામાં આવતી વાર્ષિક શિષ્યવૃત્તિ રૂ. ૧૫૦/-ના બદલે રૂ. ૨૫૦/- અને ધોરણ ૯ થી ૧૦ ના વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિ રૂ. ૩૦૦/-ના બદલે રૂ. ૪૦૦/- કરવા તથા આ યોજના માટે વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં ૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ. ૨૫,૦૦૦/- છે તેના બદલે વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં ૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ. ૩૬,૦૦૦/- કરવાનું નકકી કરવામાં આવે છે. અને આ માટે વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં રૂ. ૩૨૦.૦૦ લાખની કરવામાં આવેલ જોગવાઇનો ખર્ચ કરવા નીચેની શરતોએ આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ ખર્ચ તા. ૧/૪/૨૦૧૨ થી કરવાનો રહેશે.

(૨) નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને સને ૨૦૧૨-૧૩ ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને ખર્ચ કરવાનો રહેશે.

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે અને વર્ષ આખરે રહેતી બચત રકમ સરન્ડર કરવાની રહેશે.

(૪) આ યોજનાના લાભાર્થીઓની યાદી નિભાવવાની રહેશે.

(૫) યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ૯૨ મુખ્ય સદર ૨૨૨૫. અનુજાતિઓ,અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ મુખ્ય પેટા સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ. ગૌણ સદર-૨૭૭ શિક્ષણ. (૦૧) બીસીકે-૨ અનુજાતિ પેટા યોજના એસ.એસ.સી પૂર્વના વિધ્યાર્થિઓ માટે પરિક્ષિતલાલ મજમુદાર શિષ્યવૃત્તિ યોજના સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં )ની તા. ૨-૪-૨૦૧૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શ્રીમતી એસ.આર. ભુરીયા)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી(નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)

નકલ રવાનાઃ-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી,સા.ન્યા.અને અ.વિ. ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા. અને અ.વિ.)સચિવાલય,ગાંધીનગર.
- સેકશન અધીકારીશ્રી, બજેટ/અ.૧, સા.ન્યા.અને અ.વિ., સચિવાલય,ગાંધીનગર..

સિલેકટ ફાઇલ શાખા/ ના.સે.અધિ.શ્રી

x--------x-------x